પૂર્વછાયો- શુભમતિ સહુ સાંભળો, એમ કરતાં કરતાં કાજ ।
ત્યાંથકી હરિ આવિયા, ભૂતપુરીમાં મહારાજ ॥૧॥
રામાનુજની ત્યાં મૂરતિ, કર્યાં પોતે ત્યાં દર્શન ।
કાંયેક દિન ત્યાં રહી, પુછ્યું ત્યાગી પ્રત્યે પ્રશન ॥૨॥
ઉત્તર તેનો દક્ષણાદિયે, ન થયો જ્યારે જરૂર ।
ત્યારે તે ઉઠ્યા મારવા, થઈ ક્રોધમાં ચકચુર ॥૩॥
કહે આવ્યો તું કાલ્યનો, તે લેછે અમારી લાજ ।
એવું પ્રશ્ન અટપટું, તારે પુછવાનું શું કાજ ॥૪॥

ચોપાઇ- હરિ નિરમાની અતિનેક, બોલ્યા નહિ તે કરી વિવેક ।
ક્ષમાવંત અત્યંત છે શાંતિ, ક્રોધ આવ્યો નથી જેની પાંતિ ॥૫॥
અતિધીર ગંભીર છે ઘણા, શું કહીએ સદ્‌ગુણ તે તણા ।
પછી સારું કહીને સધાવ્યા, ત્યાંથી કુમારી કન્યાયે આવ્યા ॥૬॥
વળતાં પદ્મનાભમાં પધાર્યા, ત્યાંના વાસીને મોદ વધાર્યા ।
પછી આવ્યા જનાર્દને નાથ, ચાલે એકલા ન જુવે સાથ ॥૭॥
ત્યાંથી આવ્યા છે આદિકેશવે, તેની વાત સુણો કહું હવે ।
તેને સમીપે સુંદરપુર, ત્યાં દીઠા દો સહસ્ર અસુર ॥૮॥
તે તો હરિના છે વેરવાઇ, દેખી ઉઠ્યા છે મારવા ધાઇ ।
કહે આપણો માર એકલો, આવ્યો હાથ હવે રખે મેલો ॥૯॥
એમ કહીને આવ્યા મારવા, ત્યારે લોકે માંડ્યું છે વારવા ।
તેની વાત કાને નવ ધરી, ત્યારે રાજાને ખબર પડી ॥૧૦॥
કહે રાજા અન્યાય માં કરો, કાંઇક પ્રભુના ડરથી ડરો ।
ત્યારે રાજા પ્રત્યે કહે અસુર, એને મારશું અમે જરૂર ॥૧૧॥

તેની કરીશ જો રખવાળ, તો જાણજે આવ્યો તારો કાળ ।
ત્યારે રાજાને ચડી છે રીશ, કાપ્યાં સામટાં સહુનાં શીશ ॥૧૨॥
મુવા દૈત્ય ત્યાં દોય હજાર, રાજાદ્વારે ઉતાર્યો એ ભાર ।
પછી આદિ કેશવનાં દર્શન, કરી ચાલ્યા ત્યાંથી ભગવન ॥૧૩॥
આવ્યા મળિયાચળને માંઈ, દિન પાંચ રહ્યા પોતે ત્યાંઈ ।
કરી સાક્ષીગોપાળનાં દર્શન, પછી જોયું છે વિવિધ્યે વન ॥૧૪॥
વ્યાળે વીટાણાં દીઠાં ચંદન, તિયાં રહ્યા છે કાંયેક દન ।
ત્યાંથી આવ્યા કિસ્કંધા નગર, નાયા ત્યાં પ્રભુજી પંપાસર ॥૧૫॥
ત્યાંથી ચાલ્યા છે સુંદર શ્યામ, કરવા અનેક જીવનાં કામ ।
પછી ચંદ્રભાગા નદી નાઈ, ત્યાંથી આવ્યા પંઢરપુરમાંઈ ॥૧૬॥
કર્યાં વિઠુબાનાં દરશન, રહ્યા બે માસ ત્યાં ભગવન ।
પછી વિઠુબાને પોતે મળી, ચાલ્યા વંદના કરીને વળી ॥૧૭॥
તિયાં રાત્યમાં રાક્ષસ આપ, સુતો તો કરીને મોટો તાપ ।
તેને જગાડીને પુછી વાટ, પછી ચાલ્યા તે વરણિરાટ ॥૧૮॥
પછી આવ્યા દંડકારણ્ય હરિ, તેને પોતે પ્રદક્ષિણા કરી ।
ત્યાંથી આવ્યા પોતે ગોદાવરી, કર્તા તીર્થને પવિત્ર હરિ ॥૧૯॥
જોઈ તીર્થને તીર્થના વાસી, એમ જોતા આવે અવિનાશી ।
ત્યાંથી આવ્યા નાસિકમાં આપ, નિરખી જન થયા છે નિષ્પાપ ॥૨૦॥
કરી ત્ર્યંબકેશ્વરનાં દેદાર, ત્યાંથી આવ્યા તાપી નદી પાર ।
પછી યાત્રા નર્મદાની કરી, ત્યાંથી આવ્યા મહી પ્રત્યે હરિ ॥૨૧॥
વળતાં ઉતર્યા સાભર શ્યામ, બહુ જીવનાં કરવા કામ ।
જોઈ ભીમનાથ ભગવાન, ચાલ્યા નાથ ત્યાંથી નિદાન ॥૨૨॥
ત્યાંથી ગોપનાથજીમાં ગયા, પંચતીર્થિમાં કાંઈક રહ્યા ।
રહ્યા દોઢ માસ ગુપ્તપ્રયાગે, અતિ કૃશ તનમાં છે ત્યાગે ॥૨૩॥
પછી ચાલ્યા ત્યાંથી અવિનાશ, રહ્યા લોઢવામાં ત્રણ માસ ।
ત્યાંથી આવ્યા માંગરોળ શહેર, બહુ જીવો પર કરી મહેર ॥૨૪॥
આવ્યા કઠણ કષ્ટને સહિ, કહેતાં કષ્ટ તે કહેવાય નહિ ।

વન પર્વત વસમી વાટ, ઘણા કઠણ ઓઘટ ઘાટ ॥૨૫॥
વાંકા દેશ વચમાં રહેનાર, મળ્યા દૈત્ય હજારો હજાર ।
ભૂત પ્રેત ભવાની ભૈરવ, યક્ષ રાક્ષસ રાક્ષસી સર્વ ॥૨૬॥
ડાકણી સાકણી વૈતાલી, મળી જોગણીયો કહિ કાળી ।
ઠામોઠામ મૃત્યુનાં ઠેકાણાં, રહ્યાં ઘણાં ને થોડાં લખાણાં ॥૨૭॥
જ્યાં જ્યાં ફર્યા કર્યા પોત્યે તપ, મેલી જીવ્યાની કોરનો ખપ ।
જેજે કર્યા હરિએ ઉપાય, તેતો દેહ ધારીએ ન થાય ॥૨૮॥
તીર્થમાંથી અધર્મને ટાળી, આવ્યા પાષંડીના માન ગાળી ।
પાપી જીવને પાછેરા પાડી, સાધુને સારી રીત્ય દેખાડી ॥૨૯॥
મુમુક્ષુને આનંદ આપતા, અઘ ઉથાપી ધર્મ સ્થાપતા ।
ત્યાગ વૈરાગ્ય ને તપશ્ચર્ય, નિયમે સહિત રાખી બ્રહ્મચર્ય ॥૩૦॥
એમ ફર્યા તીરથમાં આપ, ત્યાંના વાસી જોઈ પરતાપ ।
પડ્યા ઝાંખા હરિજીને જોઈ, કહે છે આતો અતિ મોટા કોઈ ॥૩૧॥
પોતાને તો છે સહજ સ્વભાવ, ધનત્રિયાતણો તે અભાવ ।
શાંતિ તિતિક્ષા ને અતિ ત્યાગ, નિસ્પ્રેહ અહિંસા અનુરાગ ॥૩૨॥
કૌપીન વિના નહિ પટ લેશ, મૃગાજિન ને જટા છે શિશ ।
શીત ઉષ્ણમાં ઉઘાડે તન, ગામમાંહિ ન કરે આસન ॥૩૩॥
ત્રણે કાળે નાય જઈ નિત્યે, કરે શ્રીકૃષ્ણની પૂજા પ્રીત્યે ।
પંચાધ્યાય પાઠનું છે નિયમ, કરે ત્રણે કાળે પ્રાણાયામ ॥૩૪॥
કરે આસન ચોરાશી આપે, તાઢ્યમાં પણ અગ્નિ ન તાપે ।
કૃષ્ણમૂર્તિમાં ઠેરાવી વૃત્તિ, તેણે મટકું આંખ્ય નથી ભરતી ॥૩૫॥
રક્ત પળ નથી તને રતિ, કેવળ રહ્યાં છે ત્વચા ને અસ્થિ ।
આખા શરીરમાંહિ ઉઘાડી, સર્વે નિસરી રહી છે નાડી ॥૩૬॥
કાંટા કાંકરામાં અણવાણા, ચાલે આપે રાખે નહિ મણા ।
નિત્યે ચાલવું વણપુછ્યે વાટે, વન પર્વત ઓઘટ ઘાટે ॥૩૭॥
ચાલે નિર્ભય થઈ નિઃશંક, નથી કોઈની પોતાને શંક ।
વાઘ વ્યાળ વરુ નિત્ય મળે, તેતો તેની મેળ્યે દૂર પળે ॥૩૮॥

ફળ ફુલ જે વન મોઝાર, મળે તો તે જમે એકવાર ।
નહિ તો રહે વાયુ વારિ પીને, નથી જમતા કેને યાચીને ॥૩૯॥
અજાચ્યું અન્ન મળે તો જમે, નહિ તો ન ખાધે દિન નિગમે ।
એકાદશી જન્મદિન જેહ, કરે તપકૃચ્છ્ર વ્રત તેહ ॥૪૦॥
પંચ વિષયશું નથી સંબંધ, નથી ગમતો નારીનો ગંધ ।
ધર્મવાળા જોઈ હરિ એવા, બીજાપણ ઈચ્છ્યા એમ રહેવા ॥૪૧॥
સારું જાણી સંગે રહ્યા કઈ, દેહમાની શક્યા નહિ રઈ ।
અતિ કઠણ તપ કરતા, આવ્યા દેશ પ્રદેશ ફરતા ॥૪૨॥
વર્ષ સાત વેઠ્યો વનવાસ, તે ઉપર થયો એક માસ ।
સંવત્ અઢાર છપન કહિએ, શ્રાવણવદિ ષષ્ઠમી લહીએ ॥૪૩॥
તેદિ લોજ પધાર્યા મહારાજ, કરવા અનેક જીવનાં કાજ ।
સુંદર વાવ્ય એક ગામબાર, તિયાં બેઠા પોતે ઘડિ ચાર ॥૪૪॥
તે ગામમાં ઉદ્ધવ અવતાર, સ્વામી રામાનંદજી ઉદાર ।
તેના સંતનો વસે સમોહ, જેને કામ ક્રોધ નહિ મોહ ॥૪૫॥
તેમાં મોટેરા છે મુક્તાનંદ, તેની આજ્ઞામાં રહે મુનિવૃંદ ।
આપે સદાવ્રત જમે સંત, તિયાં આવ્યા પોતે ભગવંત ॥૪૬॥

ઇતિ શ્રીમદેકાન્તિકધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામિ શિષ્ય
નિષ્કુળાનંદમુનિ વિરચિતે ભક્તચિંતામણી મધ્યે શ્રીહરિવનવિચરણ
નામે પાંત્રિશમું પ્રકરણમ્ ॥૩૫॥